
## ડાયરેક્ટ ❤ સે

શબ્દોનો
પણ સ્વાદ હોય છે
તેમને બોલતાં પહેલાં
ચાખી લેવા જોઈએ

## જન્મદિને વધામણી



પ્રકાશ કે પટેલ



પ્રણવરાજ પી ઝાલા
મો. ૯૭૧૪૦ ૫૬૭૭૪



સ્મિત સંજીવકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# વેદ સ્કૂલ દ્વારા ઉપયોગી મુલાકાતો






ગાંધીનગર, તા. ૮

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત અને આંતરિક શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી તાજેતરમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના વિદ્યાર્થીઓને બે મુલાકાત કરાવવામાં આવી હતી.

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયની મુલાકાત સૌ પ્રથમ વિદ્યાર્થીઓને કરાવવામાં આવી હતી. અહીં આયોજિત સંગીત સ્પર્ધામાં સ્કૂલના વિદ્યાર્થી અંકિત વાઘેલા વિજયી બન્યા હતા. સ્કૂલ પરિવાર તરફથી તેમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સ્કૂલના વિદ્યાર્થીઓ માટે બીજી મુલાકાત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ હૉટલ મૅનેજમૅન્ટની ગોઠવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના મોકટેલ્સ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી અને તેમને બનાવવાની પદ્ધતિ પણ શીખી હતી. વિદ્યાર્થીઓએ જાતે મોકટેલ્સ બનાવીને તેની મજા પણ માણી હતી. ઉપરાંત હૉટેલ મૅનેજમૅન્ટના અભ્યાસક્રમ તથા તે અંતર્ગત કરવાનાં થતાં કામો અંગે પ્રત્યક્ષ માહિતી તથા જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

## ઍમ બી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિની રાજ્યની બાળ વિજ્ઞાન સ્પર્ધામાં સાજેદાર




ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થિનીએ નૅશનલ સાયન્સ કૉંગ્રેસ પ્રેરિત અને નિસર્ગ સાયન્સ સૅન્ટર આયોજિત રાજ્યકક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સ્પર્ધામાં ભાગ લીધો હતો અને સ્વચ્છતા વિષયે કૃતિ રજૂ કરી હતી.

ધોરણ-૮ કની વિદ્યાર્થિની હેલી પટેલે આ સ્પર્ધામાં ભાગ લઈ હેલ્થ હાઈજીન ઍન્ડ સેનીટેશન અને પ્રોજેક્ટ ટાઈટલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત નાગરિકોની સ્વચ્છતા જાગૃતિ અંગેની વર્તણૂકનો અભ્યાસ અંગેની કૃતિ રજૂ કરી હતી. વિદ્યાર્થિનીને આ કૃતિ અંગે માર્ગદર્શન મદદનીશ શિક્ષક શિલ્પાબેન ત્રિવેદી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## માણસા વિસ્તારના બીઆરસી ભવન ખાતે શાળા બહારનાં બાળકોના સર્વે અંગે બેઠક



ગાંધીનગર, તા. ૮

તાજેતરમાં બીઆરસી ભવન, માણસા ખાતે શાળા બહારનાં બાળકોના સર્વે બાબતે મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માણસા તાલુકાની તમામ શાળાઓના બીઆરસી, સીઆરસી કો-ઓર્ડિનેટર્સ તથા આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.

બીઆરસી કો-ઓર્ડિનેટર સતીશભાઈ પરમાર દ્વારા આ મીટિંગમાં શાળા બહારનાં બાળકોના સર્વે અંગે માહિતી આપવામાં આવી હતી. આગામી સમયમાં સમગ્ર શિક્ષા અભિયાનના પરિપ્રેક્ષ્યમાં ૪થી ૧૮ વર્ષ સુધીની વયનાં બાળકોમાં કદી શાળાએ ન ગયેલાં બાળકો, શાળાભ્યાસ અધવચ્ચેથી છોડી દીધેલાં બાળકો તેમજ દિવ્યાંગતાને કારણે શાળામાં ન ગયાં હોય તેવાં બાળકોને ઓળખી આંગણવાડીથી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવા સંદર્ભે સેવા કરવાના આયોજન અંગે સૌને વિગતે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત સૌને અપીલ પણ કરવામાં આવી હતી કે જો કોઈને આવાં બાળકોની માહિતી મળે તો બીઆરસી ભવન કે જિલ્લા પ્રોજેકટ કચેરીના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૦૩૬ પર જાણ કરવી. આગામી સમયમાં શાળા કક્ષાએથી આ સર્વે હાથ ધરાઈ રહ્યો છે ત્યારે તેના મોનીટરીંગ માટે તાલુકા કક્ષાએથી આયોજન કરવા અંતર્ગત ચર્ચા કરી જરૂરી માહિતી સૌને આપવામાં આવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજીમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની ચાર પ્રાથમિક શાળા - નવાધરા, સુરપુર, અસાલ તથા સદરડીમાં અભ્યાસ કરતાં તમામ બાળકોને ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુનોક, ભવાનપુર, બ્રહ્મપુરીમાં બાળકોને નાસ્તો ઉપરાંત પૅન્સિલ અને બિસ્કીટનાં પૅકેટ્સ ભેટમાં આપવામાં આવ્યાં હતાં. આ સેવાકાર્યમાં રેણુબેન નટવરસિંહ ડોડિયા, પ્રવીણભાઈ વઘાસિયા, શશીકાંત મોઢા અને મિલિન્દભાઈ જોડાયા હતા.

# આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલમાં ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ





શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે ટ્રાફિક નિયમો અંગે જાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૅક્ટર-૨૨, ગાંધીનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર ડી ડી ઝાલા, મયુરસિંહ ચાવડા અને તેમના સહકર્મચારી એએસઆઈ દિલીપસિંહ ચાવડા, ધર્મેન્દ્રસિંહ દ્વારા ટ્રાફિકના નિયમો, માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દંડની શું જોગવાઈ છે, દંડની રકમ ક્યાં જમા થાય છે, ટ્રાફિક પોલીસને યોગ્ય સહકાર આપવો, હેલ્મેટ પહેરવું તથા ગાડીમાં સીટ બેલ્ટ બાંધવો, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો તથા લાયસન્સ વગર વાહન ચલાવવું એક ગુનો છે તથા ટ્રાફિક જંક્શનની સંજ્ઞાઓ વગેરે અંગે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પોલીસ કર્મચારીઓ દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલ દ્વારા પોલીસ કર્મચારીઓ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# અભ્યાસ અધૂરો રાખનારાં ૬થી ૧૮ વર્ષનાં બાળકોનો સરકાર પુનઃ ભણાવશે

## શાળાએ ન જતાં હોય તેમજ અધ્ધવચ્ચે અભ્યાસ છોડી દેનાર બાળકોના સર્વેની કામગીરી સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા હાથ ધરાશે

ગાંધીનગર, તા.૮

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે જેમાં શાળાએ ન જતા હોય તેમજ અધ્ધવચ્ચે અભ્યાસ છોડી દેનાર બાળકોના સર્વેની કામગીરી સમગ્ર શિક્ષા અભિયાન હાથ ધરવામાં આવનાર છે આ અભિયાન બાદ ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓને પુનઃ શિક્ષણના પ્રવાહકો જોડવાનો પ્રયાસ શરૂ થયો છે. જેમાં ૬થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોને સર્વેમાં આવરી લેવામાં આવશે.

આ સર્વે દરમિયાન મળી આવેલા બાળકોને તેમના બાળમિત્રો દ્વારા જ ખાસ તાલિમ આપવામાં આવશે. સ્પેશ્યલ ટ્રેનિંગમાં બાળમિત્રો વય મુજબ નજીકની પ્રાથમિક કે માધ્યમિક શાળામાં કક્ષા પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

દરેક જિલ્લામાં આ સમગ્ર શિક્ષા અભિયાન ૧૫ ડિસેમ્બર સુધી આપવામાં આવનાર છે. ૬થી ૧૮ વર્ષના બાળકોને સર્વેમાં આવરી લેવામાં આવ્યા છે. પ્રિ.પ્રાયમરીથી લઈને ધો.૧૨ સુધીના અધવચ્ચે અભ્યાસ છોડનાર બાળકોને શોધી કાઢવામાં આવશે. આ બાળકોને સ્કૂલ મેનેજમેન્ટ કમિટી દ્વારા આવા શોધી કઢાયેલા બાળકોને કંપની નજીકની શાળામાં પ્રવેશ આપવામાં આવશે આ બાળ મિત્રો દ્વારા શોધી કઢાયેલ વિદ્યાર્થીને વય મુજબ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૪૯મો મણકો ॥**

બાપુએ તેમને સાચું બોલવા બદલ ને બહાદુરી દાખવવા બદલ શાબાશી આપી હતી, પરંતુ તેમની બાંહેધરી આપી નહોતી.

કેટલાક લોકો એમ પણ કહે છે કે ગાંધીજીએ સુભાષબાબુને અન્યાય કર્યો હતો. પરંતુ, એવું ન હતું. સિદ્ધાંત અંગેનો મતભેદ સાધનશુદ્ધિનો જ વિચાર હતો. જેની સાથે સુભાષબાબુ સંમત ન હતા. સુભાષબાબુ અહિંસામાં મૂળભૂત રીતે નહોતા માનતા. તેઓ એમ માનતા હતા કે પરદેશની મદદથી આઝાદી મેળવાય. પણ ગાંધીજીનું કહેવું હતું કે, ના. એમ ન કરાય. એમ કરવાથી એકને બદલે બીજાની ગુલામી આવે. તેથી આઝાદી બીજાની મદદથી, પરદેશની મદદથી ન મેળવાય.



ગાંધીજી જ્યારે સેવાગ્રામમાં હતા અને સુભાષબાબુ સ્વીત્ઝર્લૅન્ડ ગયા હતા. વિઠ્ઠલભાઈ પટેલ ગંભીર માંદગીમાં સ્વીત્ઝર્લૅન્ડમાં હતા. એ માંદગી વખતે સુભાષબાબુએ વિઠ્ઠલભાઈની ખૂબ સેવા કરી. બંને ખૂબ નજીક આવ્યા, બંનેના વિચારોમાં પણ સામ્ય. બંનેએ ૧૯૩૭માં એક સંયુક્ત અપીલ બહાર પાડી હતી જેમાં તેમણે એમ જણાવ્યું હતું કે અહિંસક રસ્તે દેશ બહુ આગળ વધ્યો. હવે સેચ્યુરેશન પોઈન્ટ આવી ગયો. આનાથી આગળ વધી શકાય એવું રહ્યું નથી. હવે આપણે રસ્તો બદલવો જોઈએ, આપણે નેતૃત્વ બદલવું જોઈએ. (અહિંસા છોડવી જોઈએ અને અહિંસક નેતાને છોડવો જોઈએ એ સાર)

એ જ સુભાષબાબુને હરિપુરા કોંગ્રેસના પ્રમુખ બનાવવામાં આવ્યા, ગાંધીજીના કહેવાથી. આ કોંગ્રેસનું અધિવેશન જ્યાં મળ્યું હતું, જ્યાં નેતાઓની રાવટીઓ તૈયાર કરવામાં આવી હતી તે સ્થળનું નામ આપવામાં આવ્યું હતું : વિઠ્ઠલનગર. એ એટલા માટે કે તેમની સામે એ દર્શાવવું હતું કે ભલે તમારો મત અલગ હોય, પણ તમે અમારામાંના જ છો. એ જ કારણે તેમને યોગ્ય સન્માન પણ આપવામાં આવ્યું ને વિઠ્ઠલનગરમાં ૫૧ બળદોની ગાડી સાથે તેમનું સ્વાગત પણ કરવામાં આવ્યું.




ત્યારપછીની જે કોંગ્રેસ થઈ તે વચ્ચે મતભેદો થયા. સુભાષબાબુ અને કોંગ્રેસની કારોબારી વચ્ચે મતભેદ થયા. કારોબારીના વલ્લભભાઈ, મૌલાના આઝાદ, નહેરુ, રાજગોપાલાચારી જેવા નેતાઓને સુભાષબાબુ સાથે મતભેદ હતા. કોંગ્રેસના પ્રમુખ તરીકેની ચૂંટણીમાં એ જ કારણે સુભાષબાબુની સામે મૌલાના આઝાદ ઊભા રહ્યા. પરંતુ, ચૂંટણી સાવ નજીક હતી ત્યારે મૌલાના આઝાદ ખસી ગયા અને તેમના સ્થાને ડૉ. પટ્ટાભી સીતારામૈયા નામના આંધ્રપ્રદેશના હતા- જેમણે કોંગ્રેસનો ઈતિહાસ લખ્યો હતો - તેમને ઉમેદવાર તરીકે ઊભા રાખવામાં આવ્યા. જુનિયર સભ્ય હતા પણ તેમને આગ્રહ કરીને ઊભા રખાયા. ચૂંટણીનું પરિણામ અપેક્ષિત હતું એ જ આવ્યું. સુભાષબાબુ બહુ મોટી બહુમતિથી જીત્યા, પટ્ટાભીની હાર થઈ.


જે પ્રમુખ થયા તેમણે કોંગ્રેસને પોતાની દિશા આપવી જોઈએ. એ પછી તેમણે જે લેખ લખ્યો એમાં લખ્યું હતું : પટ્ટાભીની હાર એ મારી હાર છે.

એ પછી ગોવિંદ વલ્લભ પંતે ઠરાવ કર્યો ને ગાંધીજીને મોકલ્યો, જેમાં જણાવાયું હતું કે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીની એવી વિનંતી છે કે નવા ચૂંટાયેલા પ્રમુખે કારોબારી ગાંધીજીની સલાહથી ચૂંટવી. એ સમયે ગાંધીજીના રાજકોટમાં ઉપવાસ ચાલતા હતા. સુભાષબાબુએ તાર કર્યો, મને સૂચવો. ગાંધીજીએ કહ્યું, બંધારણમાં હોય તેમ કરો.

જાણવા જેવી વાત એ છે કે કોંગ્રેસનું આ બંધારણ ૧૯૨૦માં લોકમાન્ય તિલકના આગ્રહથી ગાંધીજીએ જ ઘડ્યું હતું. લોકમાન્ય તિલક જેમના વિચારો ગાંધીજી સાથે સંમત નહોતા એમણે એવું માન્યું હતું કે કોંગ્રેસનું ભલું થાય એવું બંધારણ તો ગાંધીજી જ ઘડી શકે, તેથી તેમણે આ બંધારણ ગાંધીજી પાસે ઘડાવ્યું, જેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે 'પ્રમુખે પોતાની પસંદગીથી કારોબારીની રચના કરવી.' મતલબ કે ગાંધીજી જાણતા હતા કે કારોબારીની રચના પ્રમુખ પોતાની મરજીથી કરી શકે છે તેમ છતાં તેમની સલાહ પૂછવામાં આવતાં તેમણે પોતાની સલાહ આપી નહોતી અને સુભાષબાબુને પોતાની પસંદગીથી કારોબારી રચવા કહ્યું હતું.

સુભાષબાબુ મૂંઝાયા. થોડા મહિના પછી રાજીનામું આપ્યું ને બહુ મોટી સંખ્યાએ એ રાજીનામું સ્વીકાર્યું ને એટલે સુભાષબાબુ પ્રમુખપદે ન રહ્યા. પણ ગાંધીજીએ સુભાષબાબુને પાડ્યા ને એમને પ્રમુખપદે ન રહેવા દીધા એ વાત સાવ ખોટી. ગાંધીજી તો ત્યારે કોંગ્રેસમાં ગયા જ ન હતા, એ તો રાજકોટમાં ઉપવાસ કરી રહ્યા હતા. હા, તેમની અને સુભાષબાબુ વચ્ચે મતભેદ હતો એ વાત સાચી. પણ આવી બાબતમાં ગાંધીજીએ કોઈ દિવસ રસ નહોતો લીધો.

અને એથી રશિયા ને જર્મની થઈ સુભાષબાબુ જ્યારે જાપાનમાં હતા, આઝાદ હિન્દ ફોઝ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે ત્યાંથી એક મિત્ર હિન્દુસ્તાન આવી રહ્યા હતા, તે પણ બંગાળી જ હતા. તેમણે સુભાષબાબુને કહ્યું, હું હિન્દુસ્તાન જાઉં છું. મને કંઈક સલાહ આપો. તેમને સુભાષબાબુએ એવી સલાહ આપી હતી કે 'કોઈક વાર જો ખરેખર મુસીબતમાં હોવ અને ખરેખર જો કોઈ તકલીફ આવે તો તો ગાંધીજીની સલાહ લેજો !' (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ